## :- ભારતીય સેનામાં જોડાવો :-

## :- લશ્કરી ભરતીમેળો- ગોધરા :- (ફક્ત અપરણિત પુરૂષો માટે)

## :- તારીખ:- ૦૫/૦૮/૨૦૨૧ થી ૨૨/૦૮/૨૦૨૧ :-

## સ્થળ:- કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ,ગોધરા,જી-પંચમહાલ.

### ઓનલાઈન અરજી:-

ભારતીય સેનાની વેબસાઈટ : www.joinindianarmy.nic.in પર ફક્ત ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારોને જ ભરતીમેળામાં પ્રવેશ.

ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તારીખ:- ૦૬/૦૬/૨૦૨૧ થી તા.૨૦/૦૭/૨૦૨૧.

### સમાવિષ્ટ જીલ્લા :-

( પંચમહાલ,આણંદ,વલસાડ,તાપી,ડાંગ,નવસારી,સાબરકાંઠા,વડોદરા,મહેસાણા,સુરત,બનાસકાંઠા, નર્મદા, મહીસાગર, અમદાવાદ, ગાંધીનગર,અરવલ્લી,છોટાઉદેપુર,ભરૂચ, ખેડા, દાહોદ દમણ અને દાદરા અને નગર હવેલી )

## -: ભરતી માટે જરૂરી ઉંમર, શૈક્ષણિક લાયકાત અને શારીરિક માપદંડો :-:

| ક્રમ | કેટેગરી જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉંમર વર્ષ | ઉંચાઇ સે.મી. | વજન કિ.ગ્રા. | છાતી સે.મી. |
|---|---|---|---|---|---|---|
| ૧. | સોલ્જર (જનરલ ડ્યુટી) | એસ.એસ.સી. ૪૫ ટકા કે તેથી વધુ સાથે પાસ તેમજ પ્રત્યેક વિષયમાં લઘુત્તમ ૩૩ ટકા (સી-૨ ગ્રેડ તથા દરેક વિષયમાં ડી ગ્રેડ હોવો જોઇએ) | ૧૭ ૧/૨ થી ૨૧ (૦૧/૧૦/૨૦૦૦ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૮ | ૫૦ | ૭૭-૮૨ |
| ૨ | સોલ્જર ક્લાર્ક / સ્ટોર કીપર ટેકનીકલ/ઈન્વેન્ટરી મેનેજમેન્ટ | લઘુત્તમ ૬૦ ટકા સાથે ધોરણ- ૧૨ કોઈપણ પ્રવાહ(આર્ટસ, કોમર્સ, સાયન્સ) પાસ તેમજ પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ હોવા જોઈશે તેમજ ધોરણ ૧૨ માં અંગ્રેજી અને ગણિત / એકાઉન્ટસ / બુક કીપીંગ વિષયમાં લઘુત્તમ ૫૦ ટકા ગુણ હોવા જોઈએ. | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૨ | ૫૦ | ૭૭-૮૨ |
| ૩. | સોલ્જર ટ્રેડસમેન ( ધોરણ ૧૦ પાસ) | ધોરણ ૧૦ પાસતેમજ પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ હોવા જોઈએ. | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૮ | ૪૮ | ૭૬-૮૧ |
| ૪. | સોલ્જર ટ્રેડસમેન ( ધોરણ ૦૮ પાસ) | ધોરણ ૦૮ પાસ તેમજ પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ હોવા જોઈએ. ( ઘોડારીયો , હાઉસ કીપર અને મેસ કીપર ટ્રેડ માટે ) | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૮ | ૪૮ | ૭૬-૮૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫. | સોલ્જર ટેક્નીકલ ( ધોરણ ૧૨ પાસ) | ધોરણ ૧૨ સાયન્સ વિષય સાથે પાસ તેમજ અંગ્રેજી, ગણિત,ફીજીક્સ અને કેમેસ્ટ્રી સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને પ્રત્યેક વિષયમાં ૪૦ ટકા ગુણ હોવા જોઈએ. | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૭ | ૫૦ | ૭૬-૮૧ |
| ૬ | સોલ્જર ટેક્નીકલર (એવિએશન/ એમ્યુનેશન એક્ઝામીનર ( ધોરણ ૧૨ પાસ) | ધોરણ ૧૨ સાયન્સ વિષય સાથે પાસ તેમજ અંગ્રેજી, ગણિત,ફીજીક્સ અને કેમેસ્ટ્રી સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને પ્રત્યેક વિષયમાં ૪૦ ટકા ગુણ હોવા જોઈએ. | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૭ | ૫૦ | ૭૬-૮૧ |
| ૭ | સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ/ નર્સિંગ આસીસ્ટન્ટ વેટનરી ( ધોરણ ૧૨ પાસ) | ધોરણ ૧૨ સાયન્સ વિષય સાથે પાસ તેમજ અંગ્રેજી, બાયોલોજી,ફીજીક્સ અને કેમેસ્ટ્રી સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને પ્રત્યેક વિષયમાં ૪૦ ટકા ગુણ હોવા જોઈએ.<br>અથવા<br>ધોરણ ૧૨ સાયન્સ વિષય સાથે પાસ તેમજ અંગ્રેજી, બોટની, જીયોલોજી,ફીજીક્સ અને કેમેસ્ટ્રી સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને પ્રત્યેક વિષયમાં ૪૦ ટકા ગુણ હોવા જોઈએ. | ૧૭ ૧/૨ થી ૨૩ (૦૧/૧૦/૧૯૯૮ થી ૦૧/૦૪/૨૦૦૪) | ૧૬૭ | ૫૦ | ૭૬-૮૧ |

**નોંધ:- અનુસૂચિત જનજાતિ(એસ.ટી.) ના ઉમેદવારો માટે ઉપર જણાવેલ તમામ કેટેગરીમાં ઉંચાઇ ૧૬૨સે.મી., વજન ૪૮કિ.ગ્રા. તેમજ છાતી- ૭૭-૮૨ રહેશે.**

## :-: ઓનલાઇન અરજી અને ભરતી સંબંધી અગત્યની સૂચનાઓ :-:

(૧) ઓનલાઇન અરજી કરવા માટે ઉમેદવાર પાસે પોતાનું ઈ-મેલ એડ્રેસ અને મોબાઇલ નંબર હોવા ફરજિયાત છે. કોઇ એક ઈ-મેઈલ અને મોબાઇલ નંબરથી એકથી વધારે વ્યક્તિઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન/ અરજી થઇ શકશે નહિ.

(૨) ઓનલાઇન અરજી કરેલ ઉમેદવારને રજીસ્ટર્ડ ઈ-મેલ પર એડમિટ કાર્ડ મોકલવામાં આવશે. તેમાં દર્શાવેલ સમય અને સ્થળે ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો અને તેની બે પ્રમાણીતનકલ સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૩) ઓનલાઇન અરજી કરતી સમયે ઉમેદવારને પોતાનું નામ, જન્મતારીખ, પિતાનું નામ, માતાનું નામ જેવી વિગતો સ્પેલીંગની ભૂલ સિવાય ચોક્કસાપૂર્વક (SSC માર્કશીટ અને આધાર કાર્ડના આધારે હોવું જોઈએ જો બંનેમાં નામ અલગ જોવા મળતા હોઈ તો માર્કશીટના આધારે આધારકાર્ડમાં સુધારો કરાવી દેવો) એન્ટર કરવા જણાવવામાં આવે છે. પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન તેમાં કોઇ વિસંગતતા જોવા મળ્યેથી ઉમેદવારી રદ થઇ શકે છે.

(૪) ઉમેદવારે પોતાનું એડમીટ કાર્ડ તા.૨૧.૦૭.૨૦૨૧ થી ૦૪.૦૮.૨૦૨૧ દરમિઆન પોતાના ઈમેલ આઈ.ડી પરથી ડાઉનલોડ કરવાનું રહેશે. અરજીમાં આપેલ ઈ-મેલ, પાસવર્ડ અને મોબાઇલ નંબર સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવા અને સમયાંતરે ચેક કરતા રહેવું..

(૫) ઉમેદવારના શરીર પર ટેટુ કે અન્ય કોઇ પણ કલર માર્ક્સ હશે તો ભરતીપ્રક્રિયા માટે લાયક ગણાશે નહિ.

(૬) ૨૧ વર્ષની ઉંમર પહેલા જો ઉમેદવારના લગ્ન થયેલ હશે તો તે ભરતી માટે અયોગ્ય ઠરશે.

(૭) ઉમેદવારોને ભરતી માટે જતા પૂર્વે આંખ,કાન,નાક,માનસીક તણાવ,ધબકારા હાડકા તબીબી તપાસ કરાવી લેવા સલાહ છે.

(૮) ભરતીપ્રક્રિયામાં ઉમેદવારના આધાર કાર્ડ અને ડોમીસાઈલ પ્રમાણપત્રની જરૂરિયાત રહેતી હોવાથી સમયસર આ પ્રમાણપત્રો કઢાવી લેવાની તકેદારી રાખવી.

(૯) ઉપરોક્ત ભરતીમાં દર્શાવેલ કેટેગરીમાં એક જ કેટેગરીની જગ્યા પર અરજી કરવાની રહેશે. જો એક કરતા વધારે જગ્યા ઉપર અરજી કરશે તો તમામ ભરતીમાં ઉમેદવારી અયોગ્ય ઠરશે.

(૧૦) એડમિટ કાર્ડમાં ભરતીના સ્થળે આપેલ તારીખના એક દિવસ પહેલા બપોરે ૩.૦૦ વાગ્યા સુધી પહોચવું અને સાંજે ૬ વાગ્યા પહેલા રીપોર્ટીંગ કરવાનું રહેશે.

## :-: ભરતીમેળામાં સાથે રાખવાના અસલ પ્રમાણપત્રો / દસ્તાવેજો:-:

(૧) એડમિટ કાર્ડની પ્રિન્ટ આઉટ.

(૨) SSC/HSC/અન્ય શૈક્ષણીક લાયકાતોની અસલ માર્કશીટ અને પાસીંગ સર્ટીફિકેટ.

(૩) સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ (L.C.) / જન્મ પ્રમાણપત્ર. જો અભ્યાસ ચાલુ હોય તો બોનાફાઇડ પ્રમાણપત્ર.

(૪) ગામના સરપંચ/ શાળાના આચાર્યશ્રી /પોલીસ અધિક્ષકશ્રી દ્વારાઇસ્યુ થયેલઅને છ માસથી વધુ જુનું ન હોય અને સહી કરનાર સત્તાધિકારીએ ઉમેદવારનો ફોટો પ્રમાણીત કરેલ હોય તેવું ચારિત્ર્ય પ્રમાણપત્ર.

(૫) ડોમીસાઇલ પ્રમાણપત્ર.

(૬) હાલના રહેઠાણનો દાખલો.

(૭) જાતિનો દાખલો:- SC/ST/OBC ઉમેદવારોના કિસ્સામાં મામલતદાર / તાલુકા વિકાસ અધિકારીશ્રી / સંબંધિત સમાજ કલ્યાણ અથવા તકેદારી અધિકારીશ્રી દ્વારા ઇસ્યુ થયેલ પ્રમાણપત્ર.

(૮) NCC પ્રમાણપત્રો / રાષ્ટ્રિય,રાજ્ય અથવા જીલ્લા કક્ષાની રમત-ગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તે અંગેનાં ઓરીજનલ પ્રમાણપત્રો સાથે રાખવા.

(૯) પોતાનું અને માતા-પિતાનાં ફોટો ઓળખપત્રો ( આધાર કાર્ડ / પાન કાર્ડ/ ચૂંટણી કાર્ડ / રેશન કાર્ડ / અન્ય માન્ય ઑળખપત્ર)

(૧૦) તાજેતરમાં પડાવેલ ૨૦ કલર પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ફરજીયાત સાથે રાખવા.

(૧૧) એક્સ સર્વિસ મેન / વોર વીડો (વિધવા (ગંગા સ્વરૂપ) / સર્વિસ મેન / વીડો (વિધવા (ગંગા સ્વરૂપ) ના પુત્રો માટે રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર એક્સ સર્વિસ મેન દ્વારા ઉમેદવારની જન્મતારીખ અને ભરતી માટે પ્રથમ /બીજીવખત સ્પોન્સર કર્યાની વિગતો સાથેનું રીલેશનશીપ સર્ટીફિકેટ.

(૧૨) <u>ભરતી રેલીના તારીખના ૭૨ કલાક(ત્રણ દિવસ) પહેલાનું કોવીડ-૧૯નું ( કોરોના મુક્તનુંપ્રમાણપત્ર એપેન્ડિક્ષ –E ) નજીકના સરકારી દવાખાના માંથી મેળવીને રજુ કરવું.</u>

(૧૩) વાલીનું સંમતી (ભરતીના જોખમ અંગેનું સંમતી ) પત્રક <u>એપેન્ડિક્ષ</u> -F મુજબ લાવવું .

(૧૪) ૧૦ રૂપિયા ના સ્ટેમ્પ પેપર પર એફિડેવિટ નોટરી પાસે કરાવીને <u>એપેન્ડિક્ષ</u> -G મુજબ ફરજીયાત સાથે લાવવાનું રહશે.

(૧૫) ભરતીના સ્થળે ભરતી દરમિયાન માસ્ક, હાથના મોજા, સેનીટાઈઝર, પાણીની બોટલ અને હળવો નાસ્તો સાથે રાખવો તથા ચોમાસું હોવાના કારણે પોતાના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટ પોતાની પ્લાસ્ટિકની બેગમાં રાખવા .

(૧૬) એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવામાં મુશ્કેલી પડે તો ARO અમદાવાદનો તાત્કાલિક સંપર્ક કરવો.

નોંધ:

- ઉપર જણાવેલ માહિતી રજુ કરેલ છે જેમાં ભરતી પ્રક્રિયા અંગે અર્થઘટનનો કોઈ પ્રશ્ન ઉભો થાય તો www.joinindianarmy.nic.in ની વેબસાઈટ પરનું અંગ્રેજી નોટીફીકેશન વાંચવા તેમજ આર્મી રીક્રુટીંગ ઓફીસ(ARO) અમદાવાદના હેલ્પલાઈન નં ૦૭૯-૨૨૮૬૧૩૩૮/ ૯૯૯૮૫૫૩૯૨૪ પર સંપર્ક કરવા વિનંતી
- <u>આ ભરતી પ્રક્રિયા ભારતીય સેના દ્વારા તદ્દન નિષ્પક્ષ અને કોઈ પણ જાતના ભેદભાવ કે લાગ-વગ વિના યોજાતી હોય આ અંગે ભ્રામક પ્રચાર કરતા વચેટીયા / દલાલોથી સાવધ રહેવું</u>

સંપર્ક:-

| | |
|---|---|
| **નજીકની જીલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક નંબર:- ૬૩૫૭૩૯૦૩૯૦.** | આર્મી રીક્રુટીંગ કચેરી,<br>કેમ્પ હનુમાન સામે, શાહીબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૩.<br>ફોન: ૦૭૯-૨૨૮૬૧૩૩૮/ ૯૯૯૮૫૫૩૯૨૪.<br>(કામકાજના કલાકો દરમિયાન) |